Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# Shree Atmanand Prakash



तत्पवित्रचरित्रानुस्मरणेन बलीयसा ।
सर्वदैव वयं स्याम मनःशुद्धीक्रियापराः ॥

* ભગવાનના પવિત્ર ચરિત્રનું સ્મરણ સતેજ રાખીને એ દ્વારા આપણે આપણી મનશુદ્ધિની સાધનામાં હમેશાં ઉદ્યત રહેવાનું છે.

* Through the powerful remembrance of His purest life we are to be always devoted to attempt for purifying our midd.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૪ | ભાદરવો-આસો | આત્મ સંવત : ૧૦૧ |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૩ |
| અંક : ૧૧-૧૨ | સપ્ટે.-ઓક્ટોબર-૯૭ | વિક્રમ સંવત : ૨૦૫૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | દિપાવલી પર્વનું સ્તવન | મુનિરાજશ્રીદક્ષવિજયજી | ૮૧ |
| (૨) | જ્ઞાનપંચમી | શ્રી પુણ્યવિજયજી મહારાજ | ૮૨ |
| (૩) | વ્યામોહ | મનસુખલાલ તારાચંદ મહેતા | ૮૫ |
| (૪) | પરમ પૂજ્ય આગમપ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી જંબૂ વિજયજી મહારાજ સાહેબનાં વ્યાખ્યાનો | — | ૮૯ |
| (૫) | પઠાણના ભૂત પર નવકારનો પ્રભાવ | પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ. સા. | ૯૩ |
| (૬) | એક માનવીય સદ્‌ગુણ 'સહનશીલતા' | છાયા એ. ભટ્ટ | ૯૫ |
| (૭) | શ્રી જૈન આ. સભા ભાવનગર દ્વારા યોજાયેલ સ્કોલર વિદ્યાર્થીઓનું બહુમાન | — | ૯૬ |
| (૮) | અહિંસાનો પુજારી | | ટાઇટલ પેજ-૩ |



## આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ

**શ્રીમતી નિરૂબેન કિશોરકુમાર સંઘવી-ભાવનગર**

**શ્રીમતી કનકલત્તાબેન ધીરજલાલ શાહ-ભાવનગર**

**શ્રીમતી રસીલાબેન શાંતિલાલ શાહ - મુંબઈ**

### "સંત અને શિષ્ય"

એક વખત એક સંત-શિષ્ય સાથે નદી પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે શિષ્યે સંતને સવાલ પુછયો કે, " નદીનં પાણી સમુદ્રમાં જાય છે તો નદીનું પાણી મીઠુ અને સમુદ્રનું પાણી ખારૂ શા માટે ? " સંતે મધુર સ્મિત રેલાવતા કહ્યું કે, " નદી સતત દાન કરતી રહે છે, જ્યારે સમુદ્ર હંમેશા સંગ્રહ કરતો રહે છે. જે આપતો રહે છે, તે મધુર બને છે અને સંગ્રહ કરનાર ધૃણા તેમજ કટુતાને પાત્ર બને છે. તમે પણ નદીની જેમ સતત દાન આપી સંપત્તિના સ્વાદને મધુર બનાવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : **શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ**


## શ્રી દિપાવલીપર્વનું સ્તવન

( રાગ –ઘરઘરમેં દિવાલી, મેરે ઘરમે અંધેરા )

હે ભવિયા ! ભજો વીરને, ઉમંગે રંગે આજે,
જગ દિલમાં દિવાલી છે, આજે હરખે સૌ ગાજે. (ટેક૦)

શિવપદ જે રાતમાં પામ્યા, શ્રી વીર જિણંદ રે,
શુભ કેવળી વળી વિશ્વે, ગૌતમ મુણીંદ રે;
રત્નતણી દીપમાલાથકી રાત તે રાજે,
જગ દિલમાં દિવાલી છે, આજે હરખે સૌ ગાજે. ( ૧ )

વીરરૂપી ભાવ દીવો, ભરતક્ષેત્રથકી ગયો,
જેથી દ્રવ્ય દિવાલીથી, ઉદ્યોત વિશ્વે થયો;
જન્મ્યું દિવાલી પર્વ ત્યારે સારા સમાજે,
જગ દિલમાં દિવાલી, છે. આજે હરખે સૌ ગાજે. ( ૨ )

વિભુ શ્રી વીર મુક્તિનું, અનોખું પર્વ રાજે,
વંદન હો હજારો તે, દેવાધિદેવને આજે;
દક્ષ કહે આત્મલક્ષ્મી, વિસ્તારને કાજે,
જગ દિલમાં દિવાલી છે, આજે હરખે સૌ ગાજે. ( ૩ )

**મુનિરાજશ્રી દક્ષવિજયજી.**

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# જ્ઞાન પંચમી

લેખક :- **શ્રી પુણ્યવિજયજી મહારાજ**



ભારતીય આર્યધર્મપ્રણેતા વૈદિક, જૈન અને બૌદ્ધ આચાર્યોએ માનવજીવનને ઉન્નત બનાવવા માટે અનેક રીતરિવાજો તેમજ ધાર્મિક પરિપાટીઓ ચાલુ કરી છે. તેમાં આપણા તહેવારોનો મુખ્ય હિસ્સો છે. આ તહેવારો અનેક કારણોને લક્ષમાં રાખીને ઊભા કરવામાં આવ્યા છે. તેમ છતાં તેમાંનો મોટો ભાગ મહાપુરુષોના જીવન પ્રસંગોથી જ સંકળાયેલો છે.

વિધવિધ કારણોને ધ્યાનમાં રાખીને રચવામાં આવેલ આ બધાય તહેવારોનો અંતિમ અને મહત્ત્વનો ઉદ્દેશ માત્ર એક જ છે કે તે તે તહેવારને દિવસે મનુષ્ય પોતાના જીવનને ઉન્નત બનાવવા માટે જુદી જુદી રીતે વિચારો કેળવે અને તેને જીવનમાં ઉતારવા માટેનું આંતરબળ મેળવે. આ હેતુને ધ્યાનમાં રાખીને જ વસન્તોત્સવ, શરદોત્સવ આદિ જેવા માત્ર બાહ્ય ભોગ અને આનંદપ્રદાન ઋતુને લગતા જે તહેવારો જનસમાજમાં રૂઢ છે તે તરફ આર્યધર્મના વ્યવસ્થાપક આચાર્યોએ ખાસ કશુંય ધ્યાન આપ્યું નથી. જો કે આ તહેવારોમાંથી કેટલાક વખતવિજ્ઞ મનુષ્યો કંઇક ને કંઈક વિશેષતા તારવી શકે, તેમ છતાં સર્વસામાન્યને લક્ષીને ચાલુ કરવામાં આવતી પરિપાટીઓમાં આ જાતની પરિપાટીઓને ભેળસેળ કરવામાં કશો જ લાભ હોતો નથી. આવા તહેવારોને તેમણે જતા કર્યા છે, અને જે તહેવારો સર્વસામાન્યને સીધી રીતે જીવનવિકાસ કરવામાં મદદગાર થાય તેમને જ સ્થાન આપવામાં આવ્યું છે.

આજે અહીં જે જૈન તહેવાર વિષે લખવામાં આવે છે, એ સાહિત્યરક્ષણના વિશિષ્ટ ઉદ્દેશથી ચાલુ કરવામાં આવ્યો છે. આ તહેવારને "**જ્ઞાનપંચમી**" એ નામથી ઓળખવામાં આવે છે. આ તહેવાર કાર્તિક શુદિ પાંચમને દિવસે માનવામાં આવે છે. આ દિવસને "જ્ઞાન પંચમી" શા માટે કહેવામાં આવે છે એ આપણે હવે પછી સ્પષ્ટ જાણી શકીશું.

પ્રાચીન કાળમાં જૈન ભિક્ષુઓ જેમ બને તેમ વધારેને વધારે બાબતોમાં અપરિગ્રહવૃત્તિ પસંદ કરતા, તે એટલે સુધી કે જ્ઞાનના સાધનભૂત પુસ્તકો રાખવા એ પણ તેમને મનગમતી વાત નહોતી. આથી તેઓ પોતાના જીવનમાં ઉપયોગી દરેક પ્રકારની વિદ્યાઓને કંઠસ્થ રાખતા. જે ભિક્ષુઓ અલ્પ સ્મરણ-શક્તિવાળા અથવા અલ્પબુદ્ધિવાળા હતા, તેમને માટે જૈન ભિક્ષુ સંસ્થાએ "સંઘાટક" ની વ્યવસ્થા રાખી હતી. સંઘાટક એટલે ભિક્ષુઓનું જોડલું. આ સંઘાટકની વ્યવસ્થા એ ઉદ્દેશથી કરવામાં આવી હતી કે કોઇપણ ભિક્ષુને ક્યાંય પણ જવું આવવું અગર પઠનપાઠન આદિ કોઈપણ કાર્ય કરવું હોય, તો ઓછામાં ઓછા બે ભિક્ષુઓએ મળીને જ કરવું. એક બીજાને આથી સહાય પણ મળતી રહે.

ઉપર જણાવ્યા પ્રમાણેની ભિક્ષુસંસ્થાની વ્ય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્થા હોવાને લીધે તેમને પુસ્તકાદિના પરિગ્રહની ઉપાધિ વહોરવી પડતી નહિ. પરંતુ સમયના વહેવા સાથે જ્યારે ભિક્ષુ સંસ્થાના બંધારણોમાં નબળાઇ આવી અને તે તે જમાનામાં બારબાર વર્ષ જેટલા લાંબા અને ભયંકર દુકાળો પડવાને લીધે જૈન ભિક્ષુઓ પોતાના આગમગ્રંથોનું પઠન-પાઠન અસ્ખલિતપણે કરી શકયા નહિ, એટલું જ નહિ, પણ જે તેમણે કંઠાગ્ર કર્યાં હતાં તે પણ વીસરી ગયા તેમજ સમર્થ શ્રુતપારગામી આચાર્યો, જે તે સમયે વિદ્યમાન હતા, તેમાંથી ઘણાખરા-ઓનો ઉપરાઉપરી સ્વર્ગવાસ થવાને કારણ વિશિષ્ટ જૈન આગમોનો કેટલોક હ્રાસ-હાનિ થઇ ગયો.

આ વખતે સમર્થ જૈન સ્થવિર ભિક્ષુઓએ એકઠા મળી પરસ્પર મંત્રણા કરી મંજૂર કર્યું કે હવે આપણે આપણા આગમગ્રંથો, જેમને જેમને જેટલા કંઠસ્થ રહ્યા છે તે બધાને લિપિબદ્ધ કરવા-લખાવવા આ પ્રમાણે નિર્ણય કરી જૈન સ્થવિરોએ આગમગ્રંથોને લખાવવાનો આરંભ કર્યો. આ લેખન આરંભ વીર નિર્માણ સંવત ૯૮૦ અને વિક્રમ સંવત ૫૧૦ માં વલભીપુર-હાલનું વળા-માં થયો હતો અને તેમાં મુખ્ય ફાળો સ્થવિર દેવર્ધિગણિ ક્ષમાશ્રમણનો હતો. અસ્તુ.

ઉપર જણાવ્યા પ્રમાણે છેવટે જૈન આગમો લખાવા શરૂ થયા એટલે તેનું "રક્ષણ કરવું" એ પણ અનિવાર્ય રીતે પ્રાપ્ત થયું. આ વખતે જૈન સ્થવિરોએ વિચાર કરી પુસ્તકોના રક્ષણ માટે અનેક નિયમો તૈયાર કર્યા જેથી પુસ્તકો ચિરકાળ સુધી જીવતાં રહે, આ નિયમોમાંના "જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનોની આશાતના-અવમાનના ન કરવી," આ એક નિયમને અંગે તેમણે મોટો ભાગ રોકેલો છે. અર્થાત્ માનવજાતિ તરફથી થતા હ્રાસને તેમણે (સ્થવિરોએ) આ એક નિયમન કરી રોકી લીધો પરંતુ તે સિવાય ઇતર પ્રાણી તેમજ કુદરત તરફથી થતાં પુસ્તકોના નાશ માટે શું કરવું એ વિચાર તેમના સામે હાજર થયો. ઉધેઇ, ઉંદર આદિ જેવા પ્રાણીઓ તરફથી થતાં નુકશાનને રોકવા માટે પુસ્તકો માટેની પેટી, મંજૂસ કે કબાટ આદિની આસપાસ કચરો એકઠો ન થવા દેવો તેમજ તેમાં ઉંદર આદિ પેસે તેવી જાતના તે ન હોવાં જોઈએ, એટલું જ બસ થાય. પરંતુ કુદરત તરફથી થતાં અનિવાર્ય અને અપાર નુકશાનને પહોંની વળવા માટે ખાસ વિશિષ્ટ બંધારણ સિવાય ચાલી શકતું નથી.

કુદરત તરફથી જો પુસ્તકોને કોઈ મોટું નુકશાન થતું હોય તે ચોમાસાની મોસમમાં જ કાયમી નુકશાન થયા કરે છે. આ ઋતુમાં પુસ્તક ભંડારોને કેટલીયે ચાલાકીથી બંધ બારણે રાખવામાં આવે તો પણ તેમાંના હસ્તલિખિત પુસ્તકોને ચોમાસાની ભેજવાળી હવા અસર કર્યા સિવાય રહેતી નથી. લિખિત પુસ્તકોમાં દાખલ થયેલ આ હવાને જો વેલાસર દૂર કરવામાં ન આવે તો કાલાંતરે બધાં પુસ્તકો ચોંટીને રોટલા જેવાં થઇ જાય અને થોડા વર્ષોના ગાળામાં નકામાં જેવાં થઇ જાય. માટે પુસ્તક સંગ્રહમાં પેસી ગયેલ ભેજવાળી હવા પુસ્તકોને બાધકર્તા ન થાય, અને પુસ્તકો સદાયે મૂળ સ્થિતિમાં કાયમ રહે, એ માટે તેમને તાપ ખવડાવવો જોઈએ. પુસ્તક સંગ્રહમાં પેસી ગયેલ ભેજ વાળી હવાને દૂર કરવા માટે સૌથી સરસ, અનુકૂળ અને વહેલામાં વહેલો સમય કાર્તિક માસ જ છે, કારણ કે આ સમયે શરદઋતુની પ્રૌઢ અવસ્થા હોઇ સૂર્યનો પ્રખર તાપ અને ભેજવાળી હવાનો અભાવ હોય છે.

વિશાળ જ્ઞાનભંડારોના હેરફેરનું આ કાર્ય સદાય અમુક વ્યકિતને કરવું કંટાળાભર્યું તેમજ અગવડકર્તા થાય એમ જાણી કુશળ શ્વેતાંબર જૈનચાર્યોએ કાર્તિક શુકલ પંચમીના દિવસને આ કામ માટે નિયત કર્યો અને આ દિવસે સ્વાભાવિક રીતે પ્રાપ્ત થતી જ્ઞાનભકિતનું માહાત્મ્ય

For Private And Personal Use Only

સમજાવી આ તિથિનું માહાત્મ્ય વધારી દીધું, અને લોકોને જ્ઞાનભક્તિ તરફ આકર્ષ્યા લોકો પણ આ દિવસને માટે પોતાના ગૃહવ્યાપાર આદિનો ત્યાગ કરી પૌષધ (નિયમ–વિશેષ) ગ્રહણ પૂર્વક જ્ઞાનભક્તિના પુણ્ય કાર્યમાં પોતાનો ફાળો આપવા લાગ્યા. આ દિવસે જ્ઞાનદર્શન પુસ્તક–નિરીક્ષણ અને જ્ઞાનભક્તિનો અપૂર્વ લાભ મળવાથી આ દિવસને–કાર્તિક શુક્લ પંચમીના દિવસને–"જ્ઞાનપંચમી" તરીકે ઓળખવામાં આવે છે.


આજકાલ શ્વેતાંબર જૈનોની વસ્તીવાળા ઘણુંખરા ગામ નગરોમા આ દિવસે જે જ્ઞાન સ્થાપના કરવામાં આવે છે તે આ પરિપાટીના સ્મરણ ચિન્હરૂપે જ કરવામાં આવે છે. અહીં એમ કહેવું જ જોઇએ કે જેમ જનતા દરેક બાબતમાં "સાપ ગયા અને લીસોટા રહ્યા" એ નિયમાનુસાર દરેક રીતરિવાજોમાંથી મૂળ ઉદ્દેશોને કિનારે મૂકી બાહ્ય આડંબરમાં ખૂંચી જાય છે, તેમ આ તહેવારને અંગે પણ થયા સિવાય રહ્યું નથી. અર્થાત્ આ તહેવારને દિવસે પુસ્તક ભંડારો તપાસવા, તેમાંનો કચરો સાફ કરવો, હવાઈ ગયેલ પુસ્તકોને તડકો દેખાડવો, ચોંટી ગયેલ પુસ્તકોને ઉઘાડી સુધારી લેવા, પુસ્તકસંગ્રહમાં જીવાત ન પડે તે માટે મુકેલ ઘોડાવજ આદિની પોટલીઓને બદલવી આદિ કશું જ કરવામાં આવતું નથી. એટલે અત્યારે તો આ તહેવાર નામશેષ થયા જેવો જ ગણાય. ચહાય તેમ હો તો પણ જે સમર્થ પુરુષોએ આ તહેવાર ઊભો કરવા માટે પોતાની જ્ઞાન શક્તિનો ઉપયોગ કર્યો, તેઓ તો ખરે જ દીર્ઘદર્શીજ હતા એમ કહ્યા સિવાય આપણે રહી શકીશું નહીં

("જ્ઞાનાંજલિ" માંથી સાભાર)


## શારદાપૂજન બુક માટે અવશ્ય અમારો સંપર્ક સાધો



શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ "જૈન શારદાપૂજન વિધિ" બુક દિવાળીના દિવસે વહીપૂજન અર્થાત્ સરસ્વતી પૂજનના અવસરે કરવાની અને બોલવાની વિધિથી સભર છે.



ગુરુ ગૌતમસ્વામી, માતા સરસ્વતી દેવી તથા માતા મહાલક્ષ્મી દેવીના આકર્ષક ફોટાઓ સાથેની આ બુકની કિંમત માત્ર રૂા. ૩–૦૦ રાખવામાં આવેલ છે.

સંપર્ક : **શ્રી જૈન આત્માનંદ સભા**
ખોડીયાર હોટલ–સામે ખાંચામાં,
ખારગેઈટ, ભાવનગર–૩૬૪૦૦૧



# વ્યામોહ

લે મનસુખલાલ તારાચંદ મહેતા

રાજગૃહીના રાજા શ્રેણિક પાસે દેવ અર્પિત દિવ્ય કુંડલની જોડ હતી. તે કુંડલની જોડી, અઢાર સેરનો એક મહા કિંમતી હાર તેમજ દિવ્ય એવો સેચનક હાથી તેણે તેના પુત્ર હલ્લ અને વિહલ્લને આપ્યા હતા. શ્રેણિકના મૃત્યુ બાદ કૂણિક રાજા બન્યો અને ચંપા નગરી વસાવી. કૂણિકની પત્ની પદ્માવતી અતૃપ્તિ, અસંતોષ અને અસૂયાનું મૂર્ત રૂપ હતી, એટલે તેની નજર હલ્લ વિહલ્લ પાસેની પેલી દિવ્ય વસ્તુઓ પર પડી. હલ્લ વિહલ્લે પદ્માવતીને એ વસ્તુઓ આપવાની સ્પષ્ટ ના પાડી, એટલે કૂણિક મારફત તેઓને તેમ કરવાની ફરજ પાડી. શ્રેણિકનું આખું યે સામ્રાજ્ય કૂણિકે પચાવી પાડયું હતું અને પોતાના ભાઇઓને તેણે કશો જ હિસ્સો આપેલો નહીં. હલ્લ વિહલ્લ કૂણિકના સ્વભાવથી પરિચિત હતા, એટલે પેલી વસ્તુઓ લઈ બંને ભાઈઓ પોતાના મોસાળ વૈશાલી ચાલી ગયા. હલ્લ વિહલ્લ તેમજ કૂણિક વૈશાલીના રાજવી ચેટકના દોહિત્રો થાય, તેથી તેઓને ત્યાં આશ્રય મળી ગયો.

કૂણિક અત્યંત ઘાતકી, ક્રુર અને ક્રોધી હતો. હલ્લ વિહલ્લ પેલી દિવ્ય વસ્તુઓ લઇ રાજ્યમાંથી છૂપી રીતે પલાયન કરી ચેટકને ત્યાં ચાલી ગયાના સમાચાર જાણતાં તેના ક્રોધની કોઇ સીમા ન રહી, હલ્લ વિહલ્લને પાછા સોંપી દેવા તેણે ચેટકને કહેવરાવ્યું અને તેમ કરવામાં નહિ આવે તો યુદ્ધ માટેની ગર્ભિત ધમકી પણ આપી. કૂણિકનો આવો વર્તાવ ચેટકને અવિચારી અને અપમાનજનક લાગ્યો અને તેથી હલ્લ વિહલ્લને સોંપવા સ્પષ્ટ ના પાડી દીધી. પરિણામે કૂણિક અને ચેટક વચ્ચે આ અવસર્પિણી કાળનું એક મોટામાં મોટું યુદ્ધ થયું. જેમાં બંને પક્ષે મળી એક કરોડ એંસી લાખ સૈનિકોનો સંહાર થયો. યુદ્ધમાં સેચનક હાથી મરાતાં હલ્લ વિહલ્લને તીવ્ર વૈરાગ્ય જાગ્યો અને સંસારનો ત્યાગ કરી દીક્ષા લીધી.

કૂણિક અત્યંત શક્તિશાળી હોવા છતાં મહા અહંભાવી, જીદ્દી અને પોતાનું ધાર્યું કરવાની પ્રકૃતિવાળો રાજવી હતો. વૈશાલી નગરીને ખોદી નખાવવાની અને તેમ ન થઇ શકે તો જીવતાં અગ્નિમાં પ્રવેશ કરવાની તેણે પ્રતિજ્ઞા લીધી હતી. નિમિત્તાદિ વિદ્યા ધરાવનારાઓ, જ્યોતિષીઓ અને ભાવિની આગાંહી કરનારા નજૂમીઓને કૂણિકે એકઠા કર્યા અને તમામનો મત એવો થયો કે, વૈશાલી નગરીમાં કોઇ એવા શુભ ચોઘડીયે ભગવાનનો સ્તૂપ પ્રતિષ્ઠિત થયો છે, કે જ્યાં સુધી તેનો સંપૂર્ણ નાશ નહિ થાય ત્યાં સુધી વૈશાલી નગરીને કોઈ પણ પ્રકારની આંચ લગાડવી મુશ્કેલ છે. કૂણિકે પોતાનું સમગ્ર ધ્યાન આ વસ્તુ પર દોરવ્યું. તેને સલાહ મળી કે વૈશાલીથી થોડે દૂરના જંગલમાં એક મહા બ્રહ્મચારી કૂલવાલક મુનિ આપાતના (સૂર્યની સામે ઊભા રહી તાપ લેવાની ક્રિયા–એક પ્રકારનું તપ છે અને તેને જૈન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિભાષામાં આતાપના કહેવાય છે.) લઈ રહ્યાં છે અને તેના બ્રહ્મચર્ય વ્રતને યેનકેન પ્રકારેણ જો ખંડિત કરી શકાય તો તે જ મુનિ પેલા સ્તૂપને ધરાશાયી કરવામાં સહાયરૂપ બની શકશે.

હિમાલય પહાડને એક ઠેકાણેથી બીજા ઠેકાણે કદાચ ખસેડી શકાય, પણ એક જૈન મુનિને તેના ચતુર્થવ્રત અર્થાત્ બ્રહ્મચર્ય સાધનામાંથી વિચલિત કરવાનું કદી પણ શકય ન બની શકે, કારણ કે બ્રહ્મચર્ય એજ સાધુમુનિધર્મનો પાયો છે અને પાયા વિના ઇમારત ટકી જ કેમ શકે? તેથી જ મુનિઓ બ્રહ્મચર્યવ્રતમાં પહાડથી પણ વધુ અડગ હોય છે. મેરુ પર્વત તો કદાચ ચળે, પણ સાધુનું બ્રહ્મચર્ય કદાપિ નહિ આ કાર્યની સિદ્ધિ અર્થે કુણિકના મંત્રીઓએ મોટી રકમ આપીને મામધિકા નામની નર્તિકાને તૈયાર કરી. તે અત્યંત ચતુર, ચકોર અને બુદ્ધિશાળી હતી અને તેણે આ કાર્યની સિદ્ધિ માટે છ માસની મુદત માગી લીધી.

સ્ત્રીસંસર્ગથી સદા માટે દૂર રહી શકાય એ દૃષ્ટિએ કૂલવાલક મુનિ જંગલમાં એકાન્ત સ્થળે રહેતા હતા. નર્તકીએ પ્રથમ તો મુનિના પાછલા જીવનનો સવિસ્તર ઇતિહાસ જાણી લીધો. કૂલવાલક મુનિનો ભૂતકાળ ભવ્ય ન હતો. જંગલ અને એકાન્તમાં રહેવાનું મુખ્ય કારણ તો એક પ્રકારના ભયને આભારી હતું, તે સમજતાં ચતુર નર્તકીને વાર ન લાગી.

એકાન્તવાસ સ્વીકાર્યા પહેલાં કૂલવાલક મુનિ તેમના ગુરુની સાથે ગિરનારજી જાત્રા અર્થે ગયા હતા. વિહારમાં મુનિ જ્યાં ત્યાં કોઈ સ્ત્રી મળે કે તેની સાથે વાર્તાલાપ કરવા લાગતા. આવા વાર્તાલાપથી તેના મનને થતો આનંદ જોઇને ગુરુદેવે તેને ઠપકો આપતાં કહ્યું: 'સૂર્ય સામે દૃષ્ટિ કરતાં જેમ દૃષ્ટિનો હ્રાસ થાય છે, તેમ બ્રહ્મચારી માટે સ્ત્રી સામે હાવભાવપૂર્વક નજર કરતાં તેના ચતુર્થવ્રતને હાનિ પહોંચે છે. સાધુ માટે તો જેના હાથ પગ કપાઈ ગયા હોય, તથા જેનાં નાક-કાન બેડોળ થઈ ગયાં હોય, એવી સો વર્ષની સ્ત્રી હોય તો પણ તેની સામે સંસર્ગ ન કરવાની શાસ્ત્રઆજ્ઞા છે. આમ છતાં જે કોઇ સ્ત્રી મળે છે તેની સાથે ઘેલા બની જઇને વાર્તાલાપ કરવામાં તને શરમ કેમ નથી આવતી?'

કૂલવાલક મુનિ ગુરુદેવને શું જવાબ આપે? પરંતુ ગુરુદેવનો ઠપકો તેનાથી સહન ન થયો. તેના ક્રોધનો પારો ટોચ ઓળંગી ગયો, અને તેથી આવેશમાં આવી જઈ ગિરનાર પરથી નીચે ઊતરતા, ગુરુદેવની પાછળ રહી તેણે એક મોટી શિલાને ધક્કો મારી ગુરુદેવનો ઘાત કરવા અધમ પ્રયત્ન કર્યો. એ શિલા ગુરુદેવ પાસેથી જ પસાર થઈ ગઇ, પણ શિષ્યનું આવું અધમ કૃત્ય જોઇ તેના ગુરુદેવે તેને પોતાના સંઘાડાના સાધુમાંથી બાતલ કરતાં કહ્યું: 'હે દુરાત્મા! સ્ત્રી જ તારા વિનાશનું કારણ બનશે.'

પછી તો કૂલવાલક મુનિને પોતાના દુષ્કૃત્યનો ભારે પશ્ચાત્તાપ થયો. ગુરુદેવ વચનસિદ્ધ સાધુ હોવાથી સ્ત્રીના કારણે તેનો વિનાશ થશે એવો ભય તેને ઉત્પન્ન થયો, અને તેના નિવારણ અર્થે જંગલમાં એકાન્તવાસ પસંદ કર્યો. એ સ્થાનમાં સ્ત્રીના દર્શન થવાની શકયતા જ ન હતી અને જયા નિમિત્ત કારણ જ દૂર થયું ત્યાં પછી કાર્ય થવાની શકયતા જ કયાં રહી?

આ રીતે મુનિનાં પાછલા જીવનનો ઇતિહાસ જાણી લીધા પછી, નર્તકી વિચારવા લાગી કે જેમ મધુપ્રમેહનો દર્દી મીઠાઇના સ્વાદથી દૂર રહે તેથી સ્વાદને કાંઈ જીતી લીધો ન કહેવાય; તેમ વિનાશના ભયથી સ્ત્રીસંસર્ગથી દૂર રહેનારા મુનિને પણ સ્ત્રીમોહથી મુક્ત થયેલો કેમ માની શકાય? અલબત્ત, પોતે ઉપાડેલાં કઠિન અને અશકય કામનું તેને ભાન થઈ ગયું, પણ તેનું સ્ત્રીત્વ તેની મદદે આવ્યું. દિવાસ્વપ્નમાં રાચતી નારી વિચારી રહી હતી: 'જળથી અસ્પૃશ્ય રહેતું કમલ પણ ભ્રમરના સ્પર્શમાંથી કયાં બચી શકે છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો, કમળરૂપી મુનિ માટે હું પોતેજ શા માટે ભ્રમરરૂપ ન બની શકું ?' અને આવો વિચાર કરતાં તે મનોમન હસી પડી.

પોતાના કાર્યની સિદ્ધિ અર્થે નર્તકી તૈયાર થવા લાગી. જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો અને સૂત્રોનો ઉપરચોટિયો અભ્યાસ કરી તે એક આદર્શ વિધવા શ્રાવિકા બની ગઈ અને એક ડોશીને તેની માતા બનાવી. પૈસાનો તો તેને કશો ટોટો હતો જ નહિ. પોતાનું નામ નિર્વાણિકા રાખી મોટા રાચરચીલા અને ભવ્ય રસાલા સાથે તે જાત્રા અર્થે નીકળી પડી. ફરતાં ફરતાં મુનિરાજ રહેતા હતા ત્યાં સૌ જઇ પહોંચ્યાં અને તેની નજીક તંબુ તાણી સૌ ઉતર્યા.

નિર્વાણિકાની માતા મુનિરાજને વંદન કરવા ગયા. ભાવપૂર્વક વંદન કરી ડોશીએ કહ્યું, 'ભગવંત! અમે સૌ જાત્રા નિમિત્તે નીકળ્યાં છીએ, પણ વચમાં મારી પુત્રીની તબિયત બગડી એટલે અહિં રોકાઇ જવું પડયું. એકની એક પુત્રી છે, ધન અને દોલતનો કોઇ પાર નથી, પણ બાલવયેજ વિધવા થઇ છે તેથી સંસાર પરથી તેનું મન ઉઠી ગયું છે. દીક્ષા લેવાની હઠ લઇને બેઠી છે પણ પછી વૃદ્ધાવસ્થામાં મારું કોણ? આપ બે શબ્દો ઉપદેશના તેને ન કહી શકો!'

પ્રથમ તો ડોશીને જોઈ મુનિરાજને થયું કે વળી આ બલા અહીં કયાંથી આવી પડી? પણ ડોશીના દુઃખની વાતથી તેના પ્રત્યે સમભાવ પ્રગટયો અને કહ્યું: 'માજી! દીક્ષા ન લેવાનો ઉપદેશ તો અમે સાધુઓ કઇ રીતે આપી શકીએ? પણ દીક્ષામાં યે વિવેકનો ઉપયોગ જરૂરી છે, તે વાત હું તેને સમજાવીશ.'

ડોશીએ મુનિરાજ સાથે થયેલી વાત નિર્વાણિકાને કહી સંભળાવી. બીજા દિવસે પ્રભાતમાં ડોશી મુનિરાજને ગોચરી અર્થે પોતાના તંબુમાં લઇ આવી. મુનિરાજ તંબુમાં દાખલ થયા અને ત્યાંનો ભપકો તેમજ ભવ્ય રસાલો જોઇછક થઇ ગયા. થોડીવારે ગોચરીના પદાર્થો લઇ નિર્વાણિકા મુનિ સમીપ આવી ઊભી રહી. નિર્વાણિકાએ શ્વેત સાડી ધારણ કરી હતી. તેના કપાળમાં ચાંદલો ન હતો અને અંગપર એકેય આભૂષણ પણ ન હતું. ચૂડી અને બંગડી વિના તેના સુકોમળ હાથ અડવા લાગતાં હતાં. ઘણી સ્ત્રીઓ ટાપટીપને બદલે સાદાઈમાં જ વધુ દીપી ઊઠે છે, તેવું જ કાંઇ નિર્વાણિકામાં હતું. આટલી નાની વયે તેની પર આવી પડેલાં દુઃખના મહાસાગરના કારણે મુનિરાજનું હૈયું દ્રવી ઊઠયું લજ્જા અને શરમના ભારથી દબાઇ જતી હોય એ રીતે મુનિના પાતરામાં ગોચરી પદાર્થો મૂકી બંને હાથ જોડી નત મસ્તક રાખી નિર્વાણિકાએ કહ્યું: 'ભગવત! આવા જંગલમાં હું માંદી પડી અને અહિં રોકાઇ જવું પડયું પરંતુ એ ઉપાધિયોગ આપ જેવા મહાત્માના દર્શનના કારણે અમારા માટે તો સમાધિયોગ બની ગયો. સ્ત્રીસંસર્ગથી સદા દૂર રહેનારા અને એકાન્તમાં વસનારા એવા મહાત્માના દર્શન વળી અમારા જેવાના ભાગ્યમાં કયાંથી હોય? આપને એક પ્રાર્થના કરૂં. મારી માતાને સમજાવી દીક્ષા લેવાની મને રજા અપાવી દ્યો, કારણકે સંસારમાં વિધવા સ્ત્રીની સ્થિતિ તો લાકડાના દર્દ જેવી છે-જે ન કહી શકાય, ન સહી શકાય.

પછી તો નિર્વાણિકા અને મુનિરાજ વચ્ચેનો સંસર્ગ વધવા લાગ્યો. થોડા દિવસો બાદ ગોચરી માટે તૈયાર કરેલા લાડુમાં નિર્વાણિકાએ છૂપી રીતે નેપાળાનું ચૂર્ણ મિશ્રિત કરી દીધું અને તે લાડુ સાધુએ વાપર્યા બાદ તેને અતિસારનો વ્યાધિ થઇ આવ્યો બીમાર સાધુની વૈયાવચ્ચ જંગલમાં તો બીજું કોણ કરે? ભક્તિભાવથી જેનું હૈયું તરબોળ થઇ ગયું હતુ, તે નિર્વાણિકાએ તે કામ સરસ રીતે સંભાળી લીધું. આ રીતે જે મહાન જવાબદારી તેણે માથે લીધી હતી, તેમાં તેની અર્ધી જીત તો થઇ ચૂકી હતી. મુનિ અશક્ત થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયા એટલે ઊઠવા બેસવાની શક્તિ તેમનામાં ન રહી. આ બધી ક્રિયામાં નિર્વાણિકા અત્યંત ભક્તિ ભાવથી મુનિરાજને મદદરૂપ થતી. કામેષણા અને ભોગેષણાને જાગ્રત થવા માટે પણ કાંઇ ને કાંઇ નિમિત્તની જરૂર અવશ્ય રહે છે. આ બંને વૃત્તિઓ માનવના આધ્યાત્મિક વિકાસમાં મુખ્યપણે બાધકરૂપ છે. પ્રેમના સોહામણા શબ્દકવચમાં તે હુમલો કરે છે અને મનુષ્યને ભોળવી તે સત્યાનાશના પંથે લઇ જાય છે.

એક દિવસે હાથમાં પંખો લઇ જ્યારે નિર્વાણિકા મુનિને પવન નાખી રહી હતી ત્યારે મુનિનું મન વિચારશૂન્ય બની ગયું હતું. નિર્વાણિકાની આવા પ્રકારની સેવા શુશ્રુષાથી મુનિનું આંતરમન પ્રસન્નતા અનુભવતું, પણ ધર્મશાસ્ત્રોની દૃષ્ટિએ આ વાત તેને રૂચતી ન હતી. મુનિરાજે તેથી નિર્વાણિકાને કહ્યું: 'વૈયાવચ્ચની બાબતમાં પણ નિયમનું પાલન તો થવુંજ જોઇએ એમ તમને શું નથી લાગતું !'

મોહક સ્મિતપૂર્વક નિર્વાણિકાએ જવાબ આપતાં કહ્યું: 'ભગવાન મહાવીરે જ શું નથી કહ્યું કે જે બીમારની સેવા કરે છે એ મારી જ સેવા કરે છે–તેથી આપની થતી સેવા શુશ્રુષા એ પણ મારા માટે તો ભગવાનનીજ સેવા કર્યા બરોબર છે ને ! આ તો એક પ્રકારનો આપદ્ધર્મ છે. મુકરર સિદ્ધાંતોના જડચોકઠાની ઉપરવટ પણ જે એક ધર્મ છે તેનુંજ નામ આપદધર્મ. એટલે આ પ્રકારે થતી સેવાશુશ્રુષા અંગે આપને શોક કે શોચ ન થવા જોઈએ.'

નિર્વાણિકાનાં જ્ઞાન અને દલીલશકિત જોઇ મુનિરાજનો આત્મા આનંદવિભોર બની નાચી ઊઠયો. તેના મનમાં એક પ્રકારનો પ્રકંપ જાગી ઉઠયો. આવી નારીના સહવાસમાં જીવન જીવવાનું મળે તો સર્વાર્થસિદ્ધ વિમાનના સુખો પણ તેને તુચ્છ દેખાયા. મુનિરાજની કેવી કરુણ આત્મવંચના ! પતનના માર્ગે પડેલો માનવ ખરેખર પાગલ જ બની જાય છે.

અંતે વધુ પડતા નિકટના પરિચય અને સંસર્ગના કારણે નિર્વાણિકા (માગધિકા) મુનિરાજને અધઃપતનની ઊંડી ખાઇમાં ઘસડી ગઈ, મુનિરાજનું આવું અધઃપતન પેલા સ્તૂપના વિનાશનું કારણ બન્યું અને સ્તૂપનો વિનાશ કુણિકના વિજયમાં પરિણમ્યો. સાધુ થયા પછી અને ઉગ્ર તપ કર્યા છતાં કૂલવાલક મુનિ તેના જૂનાં સંસ્કારોનો નાશ ન કરી શકયા. જ્યાં સુધી માનવીના જીવનમાંથી મલિન સંસ્કારોનો જડમૂળથી નાશ નથી થતો, ત્યાં સુધી આત્મશુદ્ધિ થવી શકય નથી. નિમિત્તોને દૂર રાખી ઇન્દ્રિયોને યેનકેન પ્રકારે વિષયથી અલગ ભલે રાખી શકાતી હોય, પણ જો એ પરિસ્થિતિ સ્વાભાવિકતામાં ન પરિણમે, તો ફરી નિમિત્તો પ્રાપ્ત થતાં ઇન્દ્રિયો માનવીને દગો દીધા વિના નથી રહેતી–જેમ કૂલવાલક મુનિનાં જીવનમાં બન્યું તેમ. સદ્‌વિચાર, શુદ્ધ વ્યવહાર અને વર્તન તેમજ સ્ફટિક જેવું નિર્મળ અને પવિત્ર જીવન—આ બધું માનવીના મૂળ સ્વભાવ રૂપ બની જવું જોઇએ. સાધનાની શરૂઆતમાં આ કદાચ કઠિન જરૂર લાગે, પણ અંતે તો કઠિનતા ઓગળી જવાની અને સાધના સ્વાભાવિક બની જવાની. ત્યાગ, તપ અને સંયમનો મૂળ હેતુ જીવનને આ રીતે ઘડી આત્મશુદ્ધિ પ્રાપ્ત કરવાનો છે, અને તેમાં જેટલા અંશે માનવી સિદ્ધિ પ્રાપ્ત કરે તેટલા અંશે તેનું જીવન સફળ થાય છે.

દીર્ઘ કાળ પર્યંત તપોમય જીવન જીવ્યા પછી પણ આત્મશુદ્ધિના અભાવે કૂલવાલક મુનિ પતિત બન્યાં અને મૃત્યુ બાદ તેનો જીવ નરકવાસી બન્યો. તેથી જ કોઇ તત્ત્વજ્ઞાની આ સંબંધમાં સાચું જ કહ્યું છે કે:–

જ્યાં લગી આતમા તત્ત્વ ચિન્ત્યો નહિ,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ. પૂ. આગમ પ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી
# જંબૂવિજયજી મ. સાહેબના વ્યાખ્યાનો

## [હપ્તો ૩ જો]

**અષાડ વદ ૭**

પ્રભુ સાથે સંબંધ જોડવાથી આત્મામાં સર્વગુણો પ્રગટવા જ જોઇએ. શાસ્ત્રકારો કહે છે કે દરેક જીવાત્મા પરમાત્મા છે. દરેક જીવો પરમાત્મા હોવા છતાં પણ આ જીવ એકદમ નીચ કોટીનો બની ગયો છે. કારણ આત્માની અંદર રહેલા પરમાત્માની ઉપર અજ્ઞાનરૂપી પડળો બંધાઇ ગયા છે. જો એ પડળો દૂર થાય તો પરમાત્માનું અવશ્ય દર્શન થાય.

સોનાની ખાણમાં કેવળ પથરાઓ જ હોય છે. આપણને ખબર ન પડે કે આ સોનું છે કે પથ્થર ! હવે આ પથ્થરની આજુબાજુ લોખંડની શિલાઓ ગોઠવવામાં આવે એ લોખંડની શીલાઓને મશીન દ્વારા પથ્થર પર એ રીતે પ્રહાર કરવામાં આવે છે કે તેની રેત-રેત કરી નાખે. પછી એ રજોને પાણીમાં નાખવામાં આવે છે. પાણીમાં ભારે સોનાની રજો બેસી જાય અને માટી પાણી સાથે વહી જાય. પછી એ કણોને ભેગા કરીને સોનાની લગડીઓ બનાવવામાં આવે. આ રીતે સોનું તૈયાર થાય. આ સોનું પણ પૃથ્વીકાયનો જીવ છે આપણે પણ એ યોનિમાં હતા. પૃથ્વીકાય વગેરે યોનિમાં ભમતાં ભમતાં આપણો અનંતો કાળ વ્યર્થ ગયો. આજે મહાપુણ્યનો ઉદય થયો અને આપણે આ ભૂમિકાએ પહોંચ્યા છીએ. અત્યારે માણસની સંખ્યા કેટલી? અને બેકટેરિયા વગેરે જીવોની સંખ્યા કેટલી ? અબજોની અને કરોડોની. આપણે પણ આ બેકટેરિયાની યોનિમાં ફર્યા હોઇશું. આવી તો અસંખ્ય યોનિમાં આ જીવ ભમી ભમીને આવ્યો છે તેથી મહામુશ્કેલીથી મળેલો આ જન્મ તેને વેડફી કેમ દેવાય ? આ જન્મ જ એક એવો છે કે જો તેમાં મનુષ્ય પોતાનું હિત સાધે તો અજર અમર બની જાય. જન્મે છે, મોટો થાય છે, ઘર માંડે છે, ઘરડો થાય છે, ઘસાય છે અને મરી જાય છે. ફક્ત બે લીટીમાં જ માનવજાતનો ઇતિહાસ પૂરો થઇ ગયો.

હવે વિચાર કરો. મહામુશ્કેલીએ મળેલો આ માનવ જન્મ શું બસ આ રીતે જ વેડફી નાંખવાનો ? ઇન્દ્રને પણ દુર્લભ એવો આ જન્મ આપણને સહેલાઇથી મળ્યો છે માટે આપણને કીંમતી નથી લાગતો. દેવો અસંખ્યાતા એક સાથે ચ્યવે છે જ્યારે મનુષ્યો તો મર્યાદિત જ જન્મે છે. વિચાર કરો દેવો જેવા દેવો પણ તિર્યંચમાં ફેંકાઇ જાય છે. શાસ્ત્રકારો કહે છે કે જ્યાં આસક્તિ ત્યાં ઉત્પત્તિ થાય દેવોની આસક્તિ હમેશા વિમાનોમાં જડેલા રત્નો, વાવડીઓ અને ઉપવનોમાં જ રહેલી હોય છે માટે તેઓ તિર્યંચમાં ફેંકાઇ જાય છે. કયાં દેવલોક અને કયાં પૃથ્વી, પાણી અને વનસ્પતિકાયના જીવો ? વિચાર કરો આસક્તિ- આપણને કયાં ફેંકે છે ? પૈસા મળ્યા એ મોટામાં મોટું નસીબ નથી પરંતુ ભગવાન મહાવીરનું શાસન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળ્યું એ મહાસદ્‌ભાગ્ય છે આપણું. જ્યારે સંસારની ભયાનકતા સમજાય ત્યારે જ માણસને ક્ષણની કીંમત સમજાય છે.

**અષાડ વદ – ૪**

આપણને ધર્મનું ફળ કેમ નથી મળતું. જાણો છો ? કારણ આપણે ગુણો સુધી પહોંચતા જ નથી. કેવળ બાહ્ય ધર્મમાં જ મગ્ન બનેલા રહીએ છીએ. પહેલાં આત્માને પાત્ર બનાવો. અને યોગ્ય બનો અને પછી મનોકામનાઓ સેવો. યોગ્ય બનવું નથી અને ઈચ્છાઓ સિદ્ધ કરવી છે. ક્યાંથી સિદ્ધ થશે। યોગ્યતા હશે તો મળેલું ટકશે. નહી તો ઘડીના છઠ્ઠા ભાગમાં ક્યાંય ફેંકાઇ જશે. જેનામાં લાયકાત હોય છે તેને બધું સામેથી મળે છે. એક કહેવત છે કે તું કોઇ વસ્તુની શોધ કરીશ નહીં. વસ્તુઓ તને શોધતી આવશે. પણ યોગ્યતા હોય તો જ. એક રાજા હતો. તે જુદા જુદા પ્રદેશોમાં ફરતો હતો એણે ફરતાં ફરતાં જોયું કે મારા રાજ્યમાં, બીજા કોઇ જન્મમાં છે આવી સગવડ ? કબૂતર એકદમ બીકણ પંખી કહેવાય છે. તે જરા અવાજથી ભડકીને દૂર ભાગી જાય. જ્યારે કંસારાને ત્યાં રહેલું કબૂતર દરરોજ થતા હથોડાના અવાજથી ટેવાઈ ગયેલું છે તે હથોડાના અવાજથી પણ ડરશે નહીં. આપણે પણ સંસારના રંગીલા વાતાવરણથી એવા જ ટેવાઇ ગયેલા છીએ, તેથી કોઇ ઉપદેશ આપણને અસર કરતો નથી. એક સમ્રાટ બાદશાહ બહુ શોખીન હતો. તે વિદ્યા તથા કળાનો પ્રેમી હતો. તેને એક દિવસ મનમાં વિચાર આવ્યો કે માનવજાતનો ઇતિહાસ લખાવવો. તેણે પોતાના રાજ્યમાં રહેલા વિદ્વાનોને કહ્યું કે મારે માનવજાતનો ઇતિહાસ લખાવવો છે. તમે ઇતિહાસ લખો. તમને સર્વ સામગ્રી પૂરી પાડવામાં આવશે. આ સાંભળી બધા વિદ્વાનો ખુશ થઈ ગયા. તેની એક કમિટિ નિમવામાં આવી. અને જુદા જુદા દેશોની માનવજાતનો ઇતિહાસ લખવા માટે જુદા જુદા પંડિતોની સભા નીમાઇ. તેમાં ગામ-ગામનો અને એમાં ય વળી નાત-જાત કુટુંબોનો. આવી રીતે કેટલા ઇતિહાસ લખવાના આવે. છેવટે ઇતિહાસ લખાયો. ઇતિહાસના લખેલા પુસ્તકો નગરની બહાર લાવવામાં આવ્યાં. રાજા કહે લાવો. તો વિદ્વાનો કહે છે – રાજાજી ! લખેલાં પુસ્તકો એમ નહિં આવે એને લાવવા માટે તો ઉંટોના ઉંટો મંગાવવા પડશે, રાજા કહે ઓહ ! એટલા બધાં પુસ્તકો વાંચતાં તો મારી જિંદગી પણ નાની પડશે. મને આટલો બધો ઇતિહાસ વાંચવાની ફૂરસદ નથી માટે એ ઇતિહાસનો સંક્ષેપ કરીને લાવો. મહામહેનતે તેનો સંક્ષેપ કર્યો. રાજા કહે લાવો સંક્ષેપ. તો વિદ્વાનો કહે તેનો ઘણો સંક્ષેપ કર્યો. પરંતુ તેને લાવવા માટે મોટરો મોકલવી પડશે. રાજા કહે મને એટલાં બધાં પુસ્તકો વાંચવાની ફૂરસદ નથી તેનો પણ સંક્ષેપ કરો. વિદ્વાનો પણ કંટાળી ગયા. હવે એ અરસામાં રાજા માંદો પડયો. બચવાની કોઇ આશા નથી. વિદ્વાનોને આ સમાચાર મળે છે. વિદ્વાનો વિચાર કરે છે કે આપણી પર કલંક રહી જશે કે આ લોકોએ રાજ્યની તિજોરી ખાલી કરી પરંતુ ઇતિહાસ લખ્યો નહીં. માટે વિદ્વાનો પહોંચ્યા બાદશાહ પાસે અને કહે કે બાદશાહ અમે ઇતિહાસનો સંક્ષેપ કર્યો છે. બાદશાહ કહે મારી છેલ્લી ઘડી છે. જે હોય તે કહી દો વિદ્વાનો કહે– બાદશાહ ! સાંભળો. માણસ એક ચીજ ખૂટે છે. મારા રાજ્યમાં ચિત્રશાળા નથી. માટે કોઈ સારામાં સારી ચિત્રશાળા બનાવવી જોઇએ. એણે સારા ચિત્રકારો બોલાવ્યા અને સારામાં સરી ચિત્રશાળા બનાવવા કહ્યું, ચિતારાઓને સારૂ બિલ્ડીંગ આપ્યું. અને બધાને અલગ-અલગ વ્યવસ્થા કરી આપી. એ માટે મુદત પણ આપી. કેટલોક સમય વીત્યા પછી રાજાએ કહ્યું કે હું થોડા દિવસમાં ચિત્રશાળા જોવા માટે આવવાનો છું, તમે તમારાં ચિત્ર તૈયાર રાખજો. રાજા જોવા માટે આવે છે અને ચિત્રની કલાત્મકતા જોઇને રાજા આશ્ચર્યચકિત બની જાય છે. આ રીતે જોતો જોતો એક ચિત્રકારની પાસે આવે છે. ત્યાં ખાલી ભીંત જુએ છે. રાજા પૂછે છે કે ભાઇ તે આટલા દિવસ શું કર્યું ? ખાલી મફતનો જ પગાર લીધો ? ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્રકાર કહે છે કે રાજાજી મેં તોઆટલા દિવસ ભીંતની પોલિશ કરી. કારણ પોલિશ કરેલી ભીંત પર દોરેલું ચિત્ર અનંતાકાળ સુધી રહેશે. પોપડા વળીને ઉખડી નહીં જાય. ભીંતને અરીસા જેવી બનાવી દીધેલી. ત્યાં બધાની વચ્ચે જે પડદા નાખીને વિભાગ બનાવેલા હતા તે પડદાને દૂર કરતાં સામે રહેલા ચિત્રનું પ્રતિબિંબ તે ભીંત પર પડવા લાગ્યું અને ત્યાં જાણે આબેહૂબ ચિત્ર દોરેલું હોય તેવું લાગે. મહાપુરૂષો પણ આપણને આ વાત શીખવાડે છે કે તમે પહેલા તમારા આત્મારૂપી ભીંતપર લાગેલા થરને બરાબરા ઘસીને અરીસા જેવી બનાવો. પછી સદ્દગુણો રૂપી ચિત્રનું આલેખન કરો. પછી જૂઓ એ ચિત્રનું મહત્ત્વ. અનંતાકાળ સુધી સદ્દગુણોના સંસ્કારો ભૂંસાશે નહીં. આપણે છોડવા લાયક ચીજને પકડીને બેઠા છીએ. રાગ. દ્વેષ, માન, માયા, ક્રોધ આ દુર્ગુણો જ્યાં સુધી ઘર કરી બેઠા છે ત્યાં સુધી સદ્દગુણો આવી શકશે નહીં.

બધા ધર્મોમાં દાનધર્મ સૌથી શ્રેષ્ઠ છે. આપતાં શીખો. સમુદ્ર બધાનો સંગ્રહ કરે છે માટે ખારો ઝેર બની ગયો છે અને તેનું સ્થાન નીચે છે. જ્યારે મેઘ કાળો છે છતાં હંમેશાં બીજાને આપે છે માટે તેનું સ્થાન ઉંચે છે. અને લોકો તેની ઝંખના કરે છે. અપાર એવા સંસાર સમુદ્રમાં આ મનુષ્યભવ મળ્યા પછી તેને સાર્થક કરવો જોઇએ.

ધર્મ એટલે શું ? આપણે ધર્મની વ્યાખ્યા બહુજ ટૂંકી બનાવી દીધી છે. સામાયિક, પૂજા, જાત્રા કરવી. થોડા ઘણા પૈસા ખરચવા. બસ આટલામાં આપણો ધર્મ આવી જાય છે. શાસ્ત્રકારે ધર્મની જુદી જ વ્યાખ્યા કરે છે. ધર્મ એટલે પ્રથમ વાણી, વર્તન અને વિચારમાં શુદ્ધિ આવવી જોઇએ. અન્યાય, અનીતિ લાગે, છળ પ્રપંચથી પૈસા ભેગા કરીને પછી ખરચો એટલે કે કોઇ મોટો દાનવીર-ધર્માત્મા છે. શ્રાવકના પ્રથમ ગુણમાં ન્યાય-સંપન્નવૈભવ કહેલો છે. જીવનની પવિત્રતા એ ધર્મનો પાયો... આવો ધર્મ આરાધનારૂપી ધર્મ કહેવાય છે. આપણે તો અત્યારે ક્રિયાકાંડમાં મગ્ન થયેલા છીએ અને એમાં જ ધર્મનું સાચુ સ્વરૂપ સમજીને બેઠા છીએ. મન-વચન અને કાયાને જે શુદ્ધ કરે તેને કહેવાય ક્રિયા. સાચા અર્થમાં જો ધર્મ કરશો તો એ ધર્મ તમને જીવન જરૂરિયાતની તમામ ચીજો પૂરી પાડશે. ધર્મ સાથે આ લોકમાં ધનની પણ જરૂર ડગલે ને પગલે પડે છે. પરલોક તો દૂર છે... પહેલાં તો આ લોકમાં જરૂરિયાતો ઉભી થશે તો શું કરશો . તેના જવાબમાં કહે છે. ધર્મ આ લોકને સુધારે છે. પરલોકને સુધારે છે અને અંતે મોક્ષને આપે છે. પણ આજે આપણને જેટલો પૈસામાં વિશ્વાસ છે જેમકે ૧૦૦ રૂ. ની નોટ લઇને જઇશું તો બદલામાં ૧૦૦ રૂ. મળવાના જ છે તેવો વિશ્વાસ સર્વપાપોનો નાશ કરનાર, સર્વ મંગળમાં પ્રથમ મંગળ. એ નવકારમંત્ર ઉપર છે ?' ના, વિશ્વાસ નથી માટે જ તો નવકારવાળીમાં ચિત્ત ચોંટતુ નથી. કદાચ પેલી ૧૦૦ ની નોટ સરકાર રદ કરશે તો કાગળનો ટુકડો. કિંમત વગરનો બની જશે પરંતુ નવકારમંત્રના લાભને છે કોઈ રદ કરનાર ? કદાપિ કોઇ કાળમાં પણ નથી. ધર્મ એ અર્થ અને કામ આપે છે. આરોગ્ય આપે છે.

ઝંખના શેની છે – આરોગ્યની કે દવાની ? આરોગ્યની જ હોય ને, કોઇ દવાને ઝંખે ખરૂં ? તેમ ઝંખના ધર્મની કે ધનની ? હોવી જોઇએ તો ધર્મની પણ આપણે હમેશાં ધનની ઝંખનામાં ડૂબેલા છીએ. ધર્મનું એક બિંદુ પણ માણસને સંસાર સમુદ્રથી તારનારૂં બને છે. એમ થાય કે બિન્દુ આવડા મોટા સંસારમાં શું કરવાનું છે ? પણ ના બિન્દુથી ઘણું બધું થઈ શકે છે. અમૃતનું એક જ બિન્દુ માણસને બધા દોષોથી, વિકારોથી બચાવી લે છે. અરે મૃત્યુના બિછાને પડેલો હોય તો પણ તેને બેઠો કરી દે છે. તે રીતે ઝેરનું પણ એક જ ટીપુ શું નથી સર્જી શકતું ?.. ધર્મના એક જ બિન્દુને જીવનમાં બરાબર સારી રીતે વણી લીધું હોય અને તેના સ્વાદને માણ્યો હોય તો જન્મોના જન્મો સુધારી શકે છે. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બિન્દુમાં એટલી બધી તાકાત છે કે જો તમને ધનની ઇચ્છા છે તો ધન આપશે. કામની ઇચ્છા છે તો કામ આપશે. બધું જ આપશે અને અંતે મોક્ષ આપશે. હવે ધર્મ કોને કહેવાય ? શાસ્ત્રકારોના વચન પ્રમાણે સદ્‌ગુણોનું – સત્કાર્યોનું અનુષ્ઠાન અને તે દરેક અનુષ્ઠાનો મૈત્ર્યાદિ ચાર ભાવથી સંયુક્ત હોવા જોઈએ. મૈત્રી એટલે પરહિતચિંતા મૈત્રી. બીજાના સુખનો વિચાર. આજે સર્વત્ર સ્વાર્થની જ વિચારણા હોય છે. દિલ્હીનો એક કરીયાણાનો વહેપારી, લવજી એનું નામ. ધર્મની ખૂબ ચર્ચા–વિચારણા કરે. સારી એવી મંડળી જમાવી – એની મંડળીમાં એક સામાન્ય–માવજી નામનો માણસ આવતો હતો. એક વખત એ ક્યાંક બહારગામ ગયો હશે. ત્યાંથી પાછો ફર્યો. તેની સ્ત્રીને એમ થયું કે મારા પતિ બહાર ગામથી આવ્યા છે તો લાવ શીરો બનાવું... પણ ઘરમાં ગોળ હતો નહીં. તે લવાભાઈની દુકાને ગોળ લેવા ગઈ. પૂરો વિશ્વાસ હતો. એણે જે ગોળ આપ્યો તે લઈને એની સ્ત્રી આવી શીરો બનાવ્યો પણ શીરામાં એકલી કાંકરી આવ્યા કરે... જોયું ગોળ એકલી કાંકરી વાળો માવજી તો ઉઠયો અને ગયો લવજીભાઈની દુકાને. ગોળ પાછો લેવા કહ્યું પણ લવાભાઇ તો તાડૂકયા. ભાઇ હું તો વેપલો કરવા બેઠો છુ. નાખ તારો ગોળ ગટરમાં એમ પાછો લેવા બેસું તો ધંધો ચાલે ખરો ? માવજી તો ડઘાઇ ગયો. ધર્મની મોટી મોટી વાતો કરનાર લવજી શું આવો ? જ્યાં મૂળની–પાયાની જ વસ્તુ ન હોય એવા ધર્મને ધર્મ કહેવો કઈ રીતે ? ધર્મ કરનાર નીતિમાન હોવો જોઇએ. ધર્મનું પહેલું લક્ષણ–મૈત્રી. પરહિત ચિંતા, બીજું લક્ષણ પ્રમોદ–બીજાનું સુખ જોઈને આનંદ થવો તે (મુદિતા). ત્રીજું લક્ષણ કારૂણ્ય – બીજાનું દુઃખ જોઇને મન પીગળી જાય તે કરૂણતા. ચોથુ લક્ષણ માધ્યસ્થ્ય – ઉપેક્ષા ભાવ.

એક રાજા હતો ક્યાંક ફરવા નીકળ્યો છે. એકલો છે તેને ખૂબ તરસ લાગી. ફરતો-ફરતો કોઇ ખેતરમાં જઇ ચડયો. પૂર્વના જમાનામાં લોકોની માહિતીને મેળવવા માટે રાજાઓ સાદો વેશ પહેરીને એકલા નીકળી પડતા. પ્રજાવત્સલ રાજા હતા અને છૂપી રીતે પ્રજામા સુખ-દુઃખને એ જાણવા પ્રયત્ન કરતા. ખેતરમાં જઈને ઘોડાને ઉભો રાખ્યો. ત્યાં એક ઝૂંપડી હતી. ખેડૂતને કહે કે ભાઇ તરસ લાગી છે. પાણી આપ. એ ખેતર શેરડીનું હતું. શેરડીનો સાંઠો કાપીને તેમાંથી રસ કાઢીને રાજાને આપ્યો. રાજા તો રસ પીને ખૂબ ખુશ થઇ ગયો. ખેડૂતને પૂછ્યું કે ભાઇ કેવી કમાણી રહે છે ? ખેડુતે તો ભોળા ભાવે કહ્યું કે ભાઇ રાજાજીની મહેરબાનીથી આમાંથી ખૂબ મળે છે. રાજાનું મન બગડયું તેણે વિચાર્યું કે આટલી બધી કમાણી છે અનું હું તો આ લોકો પાસેથી કઇ કર ઉઘરાવતો નથી. હવે મારે કર નાખવો પડશે. આ લોકો પાસેથી ખૂબ કમાણી મળશે અને મારા ભંડારો અખૂટ બનશે. થોડીવાર બેઠા પછી રાજાએ ફરીથી રસનો ગ્લાસ માંગ્યો. ખેડૂત શેરડી પીલીને રસ લેવા ગયો. ખૂબ વાર થઇ. આખો સાંઠો પીલી નાંખ્યો. ત્યારે માંડ એક ગ્લાસ રસ નીકળ્યો, રાજાને આપ્યો. રાજાએ પૂછ્યું કે ભાઇ કેમ બહુ વાર લાગી, ખેડૂત બોલ્યો કે ખબર નહીં. કોણ જાણે પહેલા તો એક નાનકડા ટુકડામાંથી આખો ગ્લાસ ભરાઈ ગયો. પણ અત્યારે તો આખો સાંઠો પીલ્યો ત્યારે માંડ ગ્લાસ ભરાયો. ધરતીના ધણીના વિચારોમાં કંઇ ફેરફાર થયો હશે મારે આમ બન્યું લાગે છે. ખેડૂતને ખબર નથી કે આ રાજા છે. રાજાને આંચકો લાગ્યો ખાલી વિચાર માત્રથી – ધરતીમાંથી રસ ચાલી ગયો. તેને ખૂબ પસ્તાવો થયો પછી પોતાના વિચાર ફેરવી નાખ્યા અને પછી રસનો ગ્લાસ માંગ્યો થોડીજવારમાં ગ્લાસ ભરાઇ ગયો. વિચારમાં કેટલી શકિત છે ?

આમ જો બીજાનું સુખ જોઇને રાજી બનશો તો તમારે ત્યાં સંપત્તિ અખૂટ બનશે, પણ જો બીજાનું પડાવી લેવાની વૃત્તિ જીવનમાં દાખલ થઇ તો જે આવ્યું હશે તે પણ ચાલ્યું જશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પઠાણના ભૂત પર નવકારનો પ્રભાવ

[ "જેના હૈયે નવકાર તેને કરશે શું સંસાર?" પુસ્તકમાંથી સાભાર ]

પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ. સા.

સં ૨૦૪૨ની આ વાત છે. ચાતુર્માસથી થોડા દિવસ પૂર્વે અમે મુંબઈના એક પરામાં ગયા હતા. ત્યાં લગભગ ૪૫ વર્ષની ઉંમરના એક કચ્છી જૈન ભાઈ વીસેક વર્ષોથી ઇર્ષ્યા પીડિત અમુક વ્યક્તિઓએ કરાવેલ મેલી વિદ્યાના પ્રયોગના લીધે ખૂબ જ હેરાન થઇ રહ્યા હતા. એ ભાઈ અમારા પૂર્વ પરિચિત હતા. તેઓ સ્વભાવે ખૂબ જ નિખાલસ છે, તેમના કહેવા મુજબ ૨૦ વર્ષો પૂર્વે તેઓ પોતે પણ મેલી વિદ્યાના પ્રયોગ કે ભૂતપ્રેતના વળગાડ વગેરે વિષયમાં માનતા ન હતા. પણ આજે જ્યારે તેઓ પોતે જ વીસેક વર્ષોથી મેલી વિદ્યાના પ્રયોગનો ભોગ બનીને પરેશાન થઇ રહ્યા છે. ત્યારે હવે તેઓ પણ આ બાબતને માનતા થયા છે.

તેમના શરીરમાં કોઈ અરબસ્તાની પઠાણનો આત્મા પ્રવેશીને તેમને ખૂબ જ કષ્ટ આપે છે. અનેક પ્રકારનાં તોફાન કરાવે છે. જ્યારે પણ તેઓ કોઇ પ્રસિદ્ધ તાંત્રિકો પાસે એ વળગાડને દૂર કરાવવા જાય ત્યારે તરત જ તેમના શરીરમાં અચાનક કોઇ ભયંકર વેદના ઉત્પન્ન કરાવીને પ્રાય કરીને તેમને જવા જ ન દે. ડોક્ટરોએ તેઓ સંપૂર્ણ નિરોગી હોવાનું જાહેર કર્યું છે કોઇ માંત્રિક તેમના ઘરે જઇને વળગાડ દૂર કરવા પ્રયત્ન કરે તો તેને જ અચાનક ઝાડા-ઊલટી વગેરે થઇ આવે અને બીજી વાર તેમના ઘરે આવવાની હિંમત પણ ન કરી શકે...

અનેક ખ્યાતનામ મંત્રવાદીઓ પણ તેમના આ વળગાડને દૂર કરવામાં નિષ્ફળ નિવડયા છે. જ્યારે પણ વળગાડને દૂર કરવા માટે કોઇ પ્રયોગ કરવામાં આવે કે તરત પેલો અરબસ્તાની પઠાણ અત્યંત ભયંકર ગર્જનાઓ સાથે અરબસ્તાની ભાષામાં તેમને મારી નાંખવાની ધમકીઓ આપવા માંડે અને આખરે એ મંત્રવાદીને નિષ્ફળતા જ સાંપડે છે.

આ ભાઈને પોતાની કુળદેવી ઉપર પણ આસ્થા છે. ઘરમાં કુળદેવીની છબી સમક્ષ ધુપ-દીપ રોજ કરે છે એટલે કયારેક કુળદેવી પણ તેમના શરીરમાં પ્રવેશીને તેમની રક્ષા કરે છે. પરંતુ કુળદેવી સાત્વિક પ્રકૃતિનાં છે. પેલો પઠાણ અત્યંત આસુરી પ્રકૃતિવાળો છે. એટલે તેને સંપૂર્ણ દૂર કરી શકતા નથી. તેમ આ ભાઇને જાન લેવા પણ દેતા નથી.

એક વખત આ ભાઇ અમારી પાસે આવ્ય હતા અને પોતાની પરિસ્થિતિ દર્શાવી ત્યારે તેમ ઘરમાં રોજ એક આયંબિલ કરવાનું તથા નવકાર અને 'ઉવસગ્ગહર' નો જાપ કરવા ભલામણ કરી હતી. પણ તેમણે કહ્યું કે જ્યારે પણ હું આવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મિક ઉપાય કરવા પ્રયત્નો કરું છું ત્યારે કાંતો થોડી વારમાં ઘેન ચડવા માંડે છે અને કલાકો સુધી કે કયારેક ૪-૫ દિવસ સુધી ઘેનમાં જ રહેવું પડે છે અને કયારેક તો છાતીમાં અચાનક એવું દબાણ થાય કે મારે એ જાપ પડતો જ મૂકવો પડે છે!

એક દિવસ યોગાનુયોગ તેમના ઘરે ગોચરી નિમિત્તે જવાનું થયું અને એ ભાઇના તથા તેમના ધર્મપત્નીના કહેવાથી માંગલિક સંભળાવવાની શરૂઆત કરી. નવકાર બોલીને જ્યાં વજ્રપંજર સ્તોત્ર બોલવાની શરૂઆત કરી કે અચાનક ભયંકર ગર્જના સાથે પેલા ભાઇ એકદમ ઉછળી પડયા અને ગુસ્સાના આવેશમાં બિહામણી આકૃતિ કરીને અરબસ્તાની ભાષામાં ધમકીઓ આપવા માંડયા. અવારનવાર આવું બનતું હોવાથી તેમનાં ધર્મપત્ની તથા બે બાળકો અરબસ્તાની ભાષાના થોડા શબ્દનો ભાવાર્થ, હાવભાવ વગેરે ઉપરથી સમજી શકે છે. તેથી તેમણે મને કહ્યું કે આ તમને એમ કહેવા માગે છે કે તમે તમારા ધર્મના મંત્રો બોલવાનું બંધ કરો નહિતર તમને મારી નાખીશ... ઇત્યાદિ.

આ સાંભળીને મેં પેલા પઠાણ પ્રત્યે મૈત્રીભાવના ચિંતવીને મનમાં જ નવકાર મહામંત્રનું સ્મરણ ચાલુ રાખ્યું.... અને થોડી જ વારમાં પેલો પઠાણ ચાલ્યો ગયો અને તેની જગ્યાએ જે વ્યક્તિઓએ આ મેલી વિદ્યાનો પ્રયોગ કર્યો હતો. એ બે વ્યક્તિઓ પેલા ભાઈના શરીરમાં પ્રવેશીને રડતાં રડતાં કરુણ સ્વરે કહેવા લાગી કે, "મહારાજ, સાહેબ અમને બચાવો! અમે ખૂબ જ દુઃખી છીએ! અમારો ઉદ્ધાર કરો!"... ઇત્યાદિ.

મેં તેમને કહ્યું, "તમે શા માટે બીજા જીવોને દુઃખી કરવા માટે આવા પ્રયોગ અજમાવો છો? આવા પ્રયોગ કરવાનું છોડી દ્યો અને બીજાને સુખ આપો તો તમે પણ સુખી થશો."

તેમણે કહ્યું, "અમે બધું સમજીએ છીએ પણ શું કરીએ? લાચાર છીએ. જેમ કોઈ દારૂડિયો દારૂના નુકશાનનો ખ્યાલ હોવા છતાં તેને છોડી શકતો નથી તેમ અમે પણ આ વ્યસનને છોડી શકતા નથી."

તેમને પોતાનો પરિચય આપતા જણાવ્યું પણ તેમણે કહ્યું: "અમારા જેવા પાપીઓનો પરિચય મેળવીને શું કરશો? એ વાત રહેવા દ્યો."

પછી તેમને પ્રાસંગિક થોડી હિતશીક્ષા આપી અને થોડીવારમાં એ વ્યક્તિઓ પણ જતી રહી. ત્યારે સ્વસ્થ બનેલા એ ભાઇની સમક્ષ મોટી શાંતિ વગેરે માંગલિક સંભળાવ્યું અને તેમને ઉપાશ્રયે આવવા જણાવ્યું.

થોડા સમય બાદ એ ભાઈ પોતાનાં ધર્મપત્ની સહિત ઉપાશ્રયમાં આવ્યા. અમોએ આચાર્ય ભગવંતને બધી હકીકતથી વાકેફ કર્યા હતા. તેઓશ્રીએ વાસક્ષેપ મસ્તક ઉપર નાંખતાં જ ફરી પેલો અરબસ્તાની પઠાણ જાગ્રત થયો અને અત્યંત ગુસ્સામાં પોતાની ભાષામાં મુઠ્ઠી ઉગામીને ધમકીઓ આપવા લાગ્યો,

અમે પૂજ્યશ્રીને કહ્યુ, "આપ રહેવા દ્યો. અમને નવકારનો પ્રયોગ અજમાવવાની અનુમતિ આપો." પૂજ્યશ્રીએ કહ્યું, 'ભલે.'

થોડીવાર બાદ પેલા ભાઇ જ્યારે મૂળ સ્વરૂપમાં આવી ગયા ત્યારે અમે તેમને ઉપાશ્રયના એક રૂમમાં લઇ ગયા. અમારામાંથી એક મુનિવર તેમની સામે બેઠા. બાકીના તેમની બાજુમાં ઊભા રહ્યાં. વજ્રપંજર સ્તોત્ર દ્વારા આત્મરક્ષા કરીને મુનિવરે નવકાર સંભળાવતાં જ તરત પેલો પઠાણ છંછેડાયો અને ફરી પહેલાં કરતાં પણ વધુ ઉગ્ર રીતે ધમકીઓ આપવા લાગ્યો. એટલે તરત અમે બધા મુનિવરોએ પણ તાલબદ્ધ રીતે મોટે અવાજે નવકાર મહામંત્રનું રટણ શરૂ કર્યું. પઠાણના ગુસ્સાનો પાર ન રહ્યો. જાતજાતની ભયંકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુદ્રાઓ દ્વારા મુનિવરને ડરાવવા અનેક પ્રયત્નો કરવા લાગ્યો. અત્યંત મજબૂત મુઠ્ઠી ઉગામીને એકદમ જોરથી મુનિવરના મોઢા સુધી લઈ આવતો! જાણે કે હમણાં જ મુનિવરની બત્રીશી તોડી નાંખશે કે તેમને મારી નાંખશે! ઢીલા-પોચા હૃદયની વ્યક્તિનું કદાચ હૃદય જ બેસી જાય એવી ભયંકર ગર્જનાઓ, ફૂત્કારો, ચીસો તથા ચેષ્ટાઓ કરવા લાગ્યો છતાં પણ મહામંત્રના પીઠબળથી જરા પણ ગભરાયા વિના મુનિવર પણ મોટે સ્વરે તાલબદ્ધ નવકારનું રટણ કરતા જ રહ્યા. લગભગ વીસેક મિનિટ સુધી પઠાણે અનેક પ્રકારનાં તોફાનો કર્યા પણ નવકારના અદૃશ્ય અભેદ્ય કવચને લીધે મુનિવરને જરા પણ સ્પર્શ કરી ન શક્યો! તેથી હિંમતમાં આવી જઇને મુનિવરે તેના વાળ પકડી લીધા. ત્યારે તેનું મોઢું એકદમ દયામણું થઇ ગયું અને છેવટે, "હવે મારો નમાઝ પઢવાનો સમય થઈ ગયો હોવાથી હું જાઉં છું." એવા પ્રકારના શબ્દો અરબસ્તાની ભાષામાં ઉચ્ચારીને તે જતો રહ્યો.

ત્યાર બાદ એક કાશ્મીરી ઓલિયો કે જે પહેલાં એ ભાઇને હેરાન કરતો હતો. પણ પાછળથી તેને પશ્ચાત્તાપ થતાં હવે તેને યથાશક્ય સહાય કરતો હતો, તે પેલા ભાઇના શરીરમાં આવ્યો. તેની ભાષામાં કોઇ કોઇ હિન્દી ભાષાના શબ્દો આવતા હતા, જેથી અમે તેનો ભાવાર્થ કાંઇક સમજી શકતા હતા. અમે તેની સંમતિ મેળવીને હિન્દી ભાષામાં કેટલાંક પ્રશ્નો પૂછયા, જેના તેણે પોતાની ભાષામાં સંતોષકારક જવાબો આપ્યા, વીસેક મિનિટ બાદ તે પણ જતો રહ્યો અને પેલા ભાઇ પોતાના અસલી સ્વરૂપમાં આવી ગયા.

નવકારના શબ્દોના રટણમાં આટલી તાકાત રહેલી છે, તો વિધિપૂર્વક નવકાર સાધનામાં કેટલી તાકાત હોઈ શકે? ઇત્યાદિ વિચાર કરતાં અમારું અંતર નવકારને અહોભાવપૂર્વક નમસ્કાર કરી રહ્યું હતું...!

# એક માનવીય સદ્ગુણ 'સહનશીલતા'

આજે લોકોમાં સહનશીલતાનો અભાવ છે. નાની નાની વાતમા મનદુઃખ થાય છે કે ખોટું લાગે છે, અરે ઝઘડા પણ કયા નથી થતા? ક્યારેક ખૂનની પણ નોબત આવી જાય છે દાંપત્ય જીવન છિન્ન ભિન્ન થવાના મૂળમાં તો "સહનશીલતા" નો અભાવ જ રહેલો છે. એક કુટુંબ વર્ષોથી સંયુક્ત રહેતું હતું. એના વડિલ મોભીને આનુ 'રાજ' પુછવામાં આવ્યું તો એણે સહર્ષ કહ્યું: "આ માટે જવાબદાર અમારી સહનશીલતા છે. એને કારણે જ અમે આજ સુધી પ્રેમથી સાથે રહીએ છીએ અને રહીશું."

ખૂબ જ જાણીતું ઉદાહરણ, ભગવાન બુદ્ધ એકવાર નદી કિનારે સ્નાન કરીને પાછા આવતા હતા ત્યારે બીજા મજલેથી એક બાઈએ એઠવાડ ફેંકયો, તે ભગવાન બુદ્ધ પર પડયો એ બાઈએ જોયું છતાં ભગવાન બુદ્ધ કંઈપણ બોલ્યા વગર ફરી પાછા નદીએ જઈ નાહીને નીકળ્યાં, ફરીવાર આવું બન્યું. સતત અઠવાડિયા સુધી એ બાઈ એઠવાડ નાંખતી રહી ભગવાન બુદ્ધનું પસાર થવું, બાઇનું હેરાન કરવું, છતાં શ્રી બુદ્ધની પ્રસન્નતા જોઇ બાઇ નીચે આવી, તેના પગમાં પડી ગઈ. બોલી મને માફ કરો દેવ, મારી ભૂલ થઈ ગઈ, આપ મહાન છો, કહેતી તે રડવા લાગી. શ્રી બુદ્ધે કહ્યું: 'બેન મારે તો તારો આભાર માનવો જોઇએ. કારણ કે તારા કારણે જ હું દિવસમાં બેવાર નાહતો." અને ત્યારથી તે બાઈ પણ સહનશીલતા રાખત શીખી ગઈ સહનશીલતા માણસને લાંબા ગાળે કદર રૂપી મહાનતા બક્ષે છે જેનામાં આ ગુણ છે તે જ કંઇક કરે છે અને કંઇક પામે છે.

આ સદ્ગુણ આપ પણ કેળવી શકો!

— છાયા એ. ભટ્ટ

For Private And Personal Use Only

# શ્રી જૈન આત્માનંદ સભા, દ્વારા યોજાયેલ સ્કોલર વિદ્યાર્થીઓનું બહુમાન



શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા આઝાદીના સુવર્ણ જયંતીના સુવર્ણ પ્રભાતે તા. ૧૫ ઓગષ્ટ-૧૯૯૭ના રોજ સભાના વિશાળ ભોગીલાલ લેકચર હોલ ખાતે ન્યુ એસ.એસ.સી. ૧૯૯૭ની વાર્ષીક પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં ૮૦ કે તેથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઈનામ (પારિતોષિક) અર્પણ કરવાનો તેમ જ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અર્પણ કરવાનો એક બહુમાન સમારંભ યોજવામાં આવ્યો હતો.

સંસ્કૃત વિષયમાં ૯૪ માર્કસ મેળવી પ્રથમ આવનાર શાહ કેયૂર રમેશચંદ્ર તથા શાહ તુષાર પ્રવિણચંદ્રને રૂા. ૨૦૧/- ના રોકડ ઇનામ સભાના પ્રમુખશ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહના વરદ્હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. સંસ્કૃત વિષયમાં ૮૦ થી વધુ માર્કસ મેળવનાર ૨૮ વિદ્યાર્થી ભાઈ-બહેનોને માર્કસ અનુસાર ઇનામો એનાયત કરવામાં આવેલ. કોલેજમાં અભ્યાસ કરતાં ૧૭ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અર્પણ કરવામાં આવેલ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન પાના નંબર ૯૬નું ચાલુ )

આ બહુમાન સમારંભનુ આયોજન સભાના પ્રમુખશ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ (એડવોકેટ) ઉપપ્રમુખશ્રી દિવ્યકાંત મોહનલાલ સલોત, મંત્રીશ્રી હિંમતલાલ મોતીવાળા તથા મંત્રીશ્રી ચીમનલાલ ખીમચંદ શેઠ, શિક્ષણ કમિટીના કન્વીનર શ્રી ચીમનલાલ વર્ધમાન શાહ, સભ્યશ્રી ખાંતિલાલ મુળચંદ શાહ, સભ્યશ્રી પ્રવિણચંદ્ર જે. સંઘવી તથા સભાના મેનેજર શ્રી મુકેશકુમાર એ. સરવૈયાએ, સારી એવી જહેમત ઉઠાવી આ બહુમાન સમારંભને યાદગાર બનાવ્યો હતો.

બહુમાન પ્રસંગે ઉદ્‌બોધન કરતાં વકતાશ્રીઓએ વિદ્યાર્થી ભાઇ–બહેનોને આજના યુગમાં શિક્ષણની મહત્ત્વતા ઉપર ભાર મુકતા જણાવ્યું કે "સફળ જીવનની સાચી ચાવી શિક્ષણ જ છે." આપ સર્વેએ અભ્યાસ પ્રત્યે જે લગનથી ઉજ્જવળ કારકિર્દીનો આરંભ કર્યો છે, તેને સફળતાપૂર્વક સિદ્ધ કરો એવા શ્રી જૈન આત્માનંદ સભા વતી અમારા સૌના આશીર્વાદ અને અભિનંદન છે.

# અહિંસાનો પૂજારી

સંયુક્ત પ્રાંત અને હરિયાણાની સરહદ પાસે, દિલ્હીથી આશરે ૧૨૦ કિ. મી. ઉત્તરે સહારનપુર નામનું નગર છે. ત્યાંના એક પ્રસિદ્ધ જમીનદાર લાલા જમ્બૂપ્રસાદજીના જીવનની આ ઘટના છે.

વર્તમાન સદીના પહેલા દાયકનો એ સમય, એટલે અંગ્રેજ અમલદારોની ખૂબ જ ધાક. ત્યાંના અંગ્રેજ કલેકટરે લાલાજી પાસે શિકાર કરવા માટે તેમનો હાથી માંગ્યો. લાલાજીએ કહ્યું : 'સાહેબ, શિકાર માટે હું હાથી આપું તો મારો અહિંસાધર્મ લાજે, તેવા મોટી હિંસાના કાર્ય માટે મારો હાથી મળી શકશે નહીં.'

તે જમાનામાં મોટા અંગ્રેજ અમલદારનું અપમાન એટલે સર્વનાશને આમંત્રણ. આ બનાવ પછી થોડા મહિનાઓ સુધી પેલા કલેકટરે જુદી જુદી જાતની ધમકીઓ દ્વારા લાલાજીને બીક બતાવી. આખરે જ્યારે જાણ્યું કે લાલાજી પોતાના નિશ્ચયમાંથી ડગે તેવા નથી ત્યારે કલેકટરે જાતે જ લાલાજી પાસે ગયા અને કહ્યું : 'કેમ શેઠજી, મારી માગણીનો શું વિચાર કર્યો ? મારી માગણી નહી સ્વીકારો તો તેનું શું પરિણામ આવશે તેનો તમને ખ્યાલ છે ?'

લાલાજી કહે : 'સાહેબ, જો હું દોષિત ઠરીશ તો આપ મને જેલમાં પૂરાવશો, કદાચ આ બધી જમીન–જાયદાત જપ્ત કરાવશો કે વધુમાં વધુ ફાંસીની સજા કરાવશો. બસ એટલું જ ને ? પણ મારો અહિંસાધર્મ તો સચવાઇ જશે ને ! એનાથી વિશેષ મારે કાંઈ નથી.'

આવો નિર્ભય અને અડગ વિશ્વાસપૂર્વક ઉત્તર સાંભળી કલેકટર ખૂબ પ્રભાવિત થયા અને લાલાજીની પીઠ થાબડી તેમને ધન્યવાદ આપ્યા.

જુઓ ! ભારતના મહાવીર, બુદ્ધ અને ગાંધીના અહિંસાના સિદ્ધાંતને પાળનારાઓની બહાદુરી અને દૃઢતા ! આપણે પણ તેમાંથી પ્રેરણા લઇને અહિંસક બનીએ;

For Private And Personal Use Only



## નમ્રતા....

भगवद्दर्शनं पुण्यं तद्गुणस्मृतिलब्धये ।
तदनुग्रहमुत्कृष्टं प्रति व्यक्तुं च नम्रताम् ॥

卐

* ભગવાનનું દર્શન તેના ગુણોને સ્મરવા તેમ જ પોતાના જીવનમાં ઉતારવાનો અભ્યાસ કરવા માટે છે, અને તેણે જગત્ પર કરેલો જે મહાન્ ઉપકાર તેના પ્રત્યે નમ્રતા દાખવવા માટે છે.

卐

* The purpose of having भगवद्-दर्शन (Bhagaved-Darshans) is to remember His virtues as well as to try to manifest them in one's own life, and also to pay homage to the best obligation that He did to the universe.

BOOK-POST

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેટ, ભાવનગર-૩૬૪ ૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only